ઉતરાયણમાં લોકોના ગળા કપાઇ જાય છે છતાં અહીં ઉત્પાદન થતું હતું

દાનહમાં 6.26 કરોડનો ઘાતક માંજો જપ્ત

નાગપુર પોલીસે માર્મિક ઇન્ડસ્ટ્રીઝમાંથી 88 હજારથી વધુ ફીરકી કબજે લીધી

મહારાષ્ટ્રમાં કન્ટેનરમાંથી માંજો મળી આવ્યા બાદ રેલો દાનહ સુધી પહોંચ્યો

વાપી : નાગપુર ગ્રામ્ય પોલીસે દાદરા નગર હવેલીમાં આવેલી 'માર્મિક ઈન્ડસ્ટ્રીઝ'માંથી રૂપિયા 6,26,43,450 ની કિંમતનો પ્રતિબંધિત નાયલોન માંજાનો જંગી મુદ્દામાલ જપ્ત કરી 88 હજારથી વધુ નાયલોન માંજાની ચક્રીઓ ઉપરાંત ઉત્પાદન માટેની મશીનરી, પાવડર, કાચો માલ અને પેકિંગની ચીજવસ્તુઓ મળી આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, વર્ષ 2025માં નાગપુરના કમલેશ્વર પોલીસ સ્ટેશનની હદમાં સોંડખેરીના વી.આર. એલ. લોજિસ્ટિક્સ યાર્ડમાં કન્ટેનરમાંથી રૂપિયા 14.40 લાખનો પ્રતિબંધિત નાયલોન માંજો મળી આવ્યો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ગુનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન કન્ટેનરમાંથી મળેલા દસ્તાવેજોના આધારે પોલીસ દાદરા નગર હવેલી સ્થિત માર્મિક ઈન્ડસ્ટ્રીઝ સુધી પહોંચી હતી. આ કંપની બંધ હોવાથી પોલીસે કોર્ટની મંજૂરી મેળવીને તપાસ કરતા માંજો, ચક્રીઓ, મશીનરી, કાચો માલ તથા વિવિધ કંપનીઓના રબર સ્ટેમ્પ કબજે કરી સંડોવાયેલાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

તંત્ર અને બિલ્ડિંગ માલિકની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ

સ્લેબ રસ્તાની વચ્ચોવચ વીજ વાયર પર હિંચકાની જેમ ઝૂલ્યો

વલસાડમાં ડી.એન. શોપિંગ સેન્ટરનું રિનોવેશન ભારે પડ્યું

લોકો જીવના જોખમે પસાર થવા મજબૂર

વલસાડ : વલસાડ શહેરના ગાંધી લાઈબ્રેરી સામે આવેલા ડી.એન. શોપિંગ સેન્ટરમાં ચાલી રહેલી રિનોવેશન કામગીરી દરમિયાન આજે વહેલી સવારે એક જોખમી દ્રશ્ય સામે આવ્યું હતું. મળતી માહિતી મુજબ, શોપિંગ સેન્ટરમાં આવેલી 'દેશ પરદેશ' દુકાન સામે રિનોવેશનની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન અચાનક સ્લેબનો એક મોટો હિસ્સો નીચે તૂટી પડ્યો હતો. જોકે, આ સ્લેબ સીધો રસ્તા પર પડવાને બદલે નીચેથી પસાર થતા વીજળીના વાયરોમાં ફસાઈ ગયો હતો. વહેલી સવારે આ સ્લેબ રસ્તાની વચ્ચોવચ હિંચકાની જેમ ઝૂલતો જોવા મળ્યો હતો, જેના કારણે ગમે ત્યારે મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી હતી.

આટલી ગંભીર સ્થિતિ અને જોખમ હોવા છતાં, રસ્તા પરથી પસાર થતા બાઈકચાલકો અને રાહદારીઓ પોતાના જીવના જોખમે ઝૂલતા સ્લેબની નીચેથી પસાર થતા નજરે પડ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સ્થાનિકોમાં વહીવટી તંત્ર અને બિલ્ડિંગ માલિકની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની માંગ છે કે રિનોવેશન વખતે સુરક્ષાના યોગ્ય પગલાં લેવામાં આવે અને તુરંત જ આ જોખમી સ્લેબને હટાવીને રસ્તો સુરક્ષિત કરવામાં આવે.

આગ લાગ્યા બાદ ઓઈલ નદીમાં વહેતું પાણી તેલયુક્ત બન્યું

નગવાસની કંપનીના વેરહાઉસનું ઓઈલ નદીમાં ભળી જતાં જળચર સૃષ્ટિ અને ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો

ઉમરગામ : નગવાસ ગ્રામ પંચાયત હદમાં આવેલી કંપનીમાં ગઇકાલે આગ લાગવાની ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. આગના બનાવ દરમિયાન કંપનીના વેરહાઉસમાં રાખવામાં આવેલા ઓઈલમાં પણ આગ લાગી હતી. આ આગ પર કાબૂ મેળવવાની કામગીરી દરમિયાન કંપનીના પરિસરમાંથી મોટી માત્રામાં ઓઈલ વહીને નજીકમાંથી પસાર થતી નદીમાં ભળી ગયું હોવાનું ધ્યાને આવ્યું છે.

આ બનાવના કારણે નદીનું પાણી સંપૂર્ણપણે તેલયુક્ત અને પ્રદૂષિત થઈ ગયું છે. જેના પરિણામે નદીના પાણીની ગુણવત્તા ઉપર ભારે વિપરીત અસર થવાની સાથે-સાથે જળચર જીવો, મૂગા પશુ-પક્ષીઓ તેમજ આ નદીના પાણીનો વપરાશ કરતા આસપાસના ગ્રામજનોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ ઉપર અત્યંત પ્રતિકૂળ અસરો સર્જાવાની ગંભીર શક્યતાઓ સેવાય રહી છે.

વધુમાં, નદીમાં ભળેલું આ ઓઈલ પાણીના પ્રવાહ સાથે આગળના વિસ્તારો તરફ ઝડપથી ફેલાઈ રહ્યું છે, જેને કારણે વ્યાપક સ્તરે જળપ્રદૂષણ ફેલાવાનો મોટો ભય ઊભો થયો છે. પર્યાવરણ અને જાહેર આરોગ્યની દૃષ્ટિએ આ અત્યંત સંવેદનશીલ અને ગંભીર બાબત હોય, તાત્કાલિક ધોરણે પગલાં લેવા અનિવાર્ય છે.

આથી આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે. નદીના પ્રદૂષિત પાણીના સેમ્પલ લઈને જરૂરી વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવવામાં આવે અને પ્રદૂષણની માત્રા તથા પર્યાવરણ પર થયેલી અસરોની આકારણી કરવામાં આવે. સાથે જ, નદીમાં વધુ ઓઈલ જતું અટકાવવા, પાણીમાં ફેલાયેલું ઓઈલ દૂર કરવા અને જવાબદાર કંપની સામે કાયદેસરની સુરક્ષાત્મક તથા પ્રદૂષણ નિયંત્રણની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

નવસારીમાં ડૉ. પ્રવિણ તોગડિયાની મુલાકાત વેળાની સુરક્ષા સામે સવાલ

Z+ પ્રોટોકોલના પાલન અંગે તપાસની માંગ સાથે ગૃહમંત્રી અને ડીજીપીને લેખિત રજૂઆત

નવસારીઃ નવસારીઃ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. પ્રવીણ તોગડિયાની ગત ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નવસારી જિલ્લાની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. નવસારી, ગણદેવી, ચીખલી અને વાંસદા ખાતે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં Z+ સુરક્ષા પ્રોટોકોલનું યોગ્ય પાલન થયું હતું કે નહીં, તે અંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે ઉચ્ચસ્તરીય તપાસની માગ કરી છે.

સંગઠનના નવસારી જિલ્લા અધ્યક્ષ રાકેશ કે. શર્માએ આક્ષેપ કર્યો હતો કે ડૉ. તોગડિયાની મુલાકાત ટાણે કાર્યક્રમ સ્થળો પર સુરક્ષા બંદોબસ્તની પૂરતી વ્યવસ્થાના અભાવ અંગે સવાલો ઉઠ્યા છે. Z+ સુરક્ષા ધરાવતા મહાનુભાવની જાહેર કાર્યક્રમોમાં અવરજવર અને ઉપસ્થિતિ દરમિયાન સુરક્ષાની તમામ બાબતોનું યોગ્ય સંકલન થવું અનિવાર્ય છે.

શર્માએ વધુમાં જણાવ્યું હતું કે સુરક્ષા વ્યવસ્થા માત્ર કાર્યક્રમ સ્થળ પૂરતી મર્યાદિત ન રહેતા, સંભવિત જોખમો અને આકસ્મિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ગોઠવવી જોઈએ. સુરક્ષા બંદોબસ્તમાં જો કોઈ બેદરકારી રહી હોય તો તેની જવાબદારી ચોક્કસપણે નક્કી થવી જોઈએ. આ મામલે સંગઠન દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી, ગુજરાતના ગૃહમંત્રી અને રાજ્યના પોલીસ વડાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. હવે આ રજૂઆતના પગલે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા શું સ્પષ્ટતા કરવામાં આવે છે તેના પર સૌની નજર ટકેલી છે. તંત્રનો સત્તાવાર પક્ષ સામે આવ્યા બાદ જ સમગ્ર મામલાની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

ગ્રામ પંચાયતની મંજૂરી વગર ખાનગી કંપનીનું ગેરકાયદે ખોદકામ

ચીખલીના ફડવેલમાં રોડની સાઇડે ખોદકામ કરી માટી નંખાતા મોટા વાહનોની અવરજવર ઠપ

ડાંગરની કાપણી ટાણે જ ખેડૂતોના કામો ટલ્લે ચઢતા ખોદકામ અટકાવવા ઉચ્ચ અધિકારીઓને રજૂઆત

કામ બંધ કરવા સૂચના આપી ઉપલી કચેરીએ જાણ કરી છે

સરપંચ પતિ હરીશભાઈના જણાવ્યા અનુસાર સામળા દેવ મંદિર રોડ પર ખાનગી કંપનીને ખોદકામની મંજૂરી આપવામાં આવેલી નથી અને પરવાનગી વિના ખોદકામ કરી માટી રોડ પર નાખવામાં આવતા લોકોને તકલીફ પડતાં કામ બંધ કરવા સૂચના આપી ઉપલી કચેરીએ જાણ કરી છે.

ધેજ : ચીખલી તાલુકાના ફડવેલમાં ગ્રામ પંચાયતની પરવાનગી વિના ખાનગી કંપની દ્વારા સામળા દેવ મંદિર રોડની સાઈડે ખોદકામ કરી માટી રોડ પર નાંખી દેવામાં આવતા અને મોટા વાહનોની અવરજવર પણ બંધ થઈ જતા સ્થાનિકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે. હાલે ડાંગરની કાપણી પણ ચાલતી હોય ડાંગર ઉપરાંત અન્ય પાક પણ બહાર કાઢવા માટે મુશ્કેલી સર્જાઈ છે અને ખેડૂતોની સિઝન ટાણે જ આ રીતે ખોદકામથી મોટા વાહનોની અવરજવર અટકી જતા ખેડૂતોના કામો ટલ્લે ચઢવા પામ્યા છે અને ખેતી પાકોને નુકસાનની ભીતિથી ખેડુતોમાં નારાજગી સાથે રોષ જોવા મળી રહ્યો છે.

આ ખોદકામ કરાવનાર કંપની દ્વારા ગ્રામ પંચાયતમાં માત્ર જાણ કરી પરવાનગી મળે તે પૂર્વ જ ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યુ અને માર્ગે મકાન પંચાયતની પણ પરવાનગી ન લેવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ હતુ. સ્થાનિકોની રજૂઆત બાદ સરપંચ પતિ હરીશભાઈ, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય મહેશભાઈ સહિતના આગેવાનો સ્થળ પર પહોંચી ઉચ્ચ અધિકારીઓને જાણ કરી તાત્કાલિક ખોદકામ બંધ કરાવવા રજૂઆત કરવામાં આવી હતી.

વાપીની સ્કૂલમાં 'પીસ પોસ્ટર કોન્ટેસ્ટ' યોજાઈ

વાપી : વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની, લાયન્સ ક્લબ ઓફ વાપી અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સહયોગથી 'પીસ પોસ્ટર કોન્ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 170 બાળકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાન તરીકે લાયન હેમલ પટેલ, પ્રિયંકા જૈન રાવલ, સ્કૂલ ફાઉન્ડર અને લાયન ઈન્ટરનેશનલના પીવીએમસીસી મુકેશ પટેલ, ચેરપર્સન હિના પટેલ, ચિરાગ પટેલ, રાકેશ નાંદ્રે, સંજીવ બોર્સે, ઉદય પટેલ, તન્વી પટેલ, પ્રિન્સિપાલ પાર્વથી પીઠાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. નિર્ણાયક તરીકે ગણેશ પટેલ અને નિધિ વાણિયાએ સેવા આપી હતી. સ્પર્ધામાં વર્ષ -11 ગ્રુપ-એ માં પ્રથમ સ્થાને યારા ભંડારી, દ્વિતીય સ્પર્શ અશોક પાટીલ અને તૃતીય સ્થાને દિક્ષિતા કુમાવત વિજેતા રહ્યા હતાં. વર્ષ -12 ગ્રુપ-બી માં પ્રથમ સ્થાને આરાધ્યા સરોજ, દ્વિતીય સ્થાને દિપાલી ત્રિપાઠી અને તૃતીય સ્થાને આલિશા દિપક શ્રીવાસ્તવ વિજેતા રહ્યા હતા. વર્ષ 13 ગૃપ-સી માં અનાયરા અવસ્થી, દ્વિતીય સ્થાને ક્રિશા બિપિન પટેલ અને તૃતીય સ્થાને સાઈ બાપુ સુરવાડે વિજેતા રહ્યા હતાં.

મતદાર યાદી મુદ્દે નવસારી કોંગ્રેસ મેદાનમાં ઉતરશે

પાત્ર મતદારોનાં નામ યાદીમાં સામેલ કરાવવા વિશેષ ઝુંબેશનું આયોજન

નવસારી : મતદાર યાદી અને SIR પ્રક્રિયાને કેન્દ્રમાં રાખીને નવસારી જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિએ આગામી દિવસોમાં જનજાગૃતિના કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન કર્યું છે. ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીના દક્ષિણ ગુજરાતના પ્રભારી મોહન જોશીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા, જરૂરી સુધારા કરાવવા અને SIR પ્રક્રિયા અંગે લોકોને માર્ગદર્શન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કોંગ્રેસના આગેવાનોએ આ પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં મતદારોનાં નામ કપાયાં હોવાનો આક્ષેપ કરતાં પાત્ર મતદારોને તેમના મતાધિકારથી વંચિત ન રહેવું પડે તે માટે પ્રયાસો કરવાની વાત કરી હતી.

દિવાળી બાદ 15થી 30 નવેમ્બર દરમિયાન વિવિધ ગામોમાં ચોપાલ સભાઓ યોજીને મતદાર યાદી સંબંધિત બાબતો અંગે નાગરિકોને માહિતગાર કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સાથે જ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી રેલીમાં જિલ્લાના કાર્યકરોની સહભાગિતા વધારવા અપીલ કરવામાં આવી હતી.

બેઠકમાં મતદાર યાદી અને ચૂંટણી પ્રક્રિયાને લગતા મુદ્દાઓ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસે કેન્દ્ર સરકાર તથા ચૂંટણી તંત્રની કામગીરી અંગે સવાલો ઉઠાવ્યા હતા. પક્ષ દ્વારા આ અભિયાનને લોકો સુધી પહોંચાડવાની પણ વાત કરવામાં આવી હતી.

આ બેઠકમાં નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ, પ્રભારી અસલમ સાયકલવાલા સહિત મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, સેવાદળ, વિવિધ સેલના હોદ્દેદારો, તાલુકા કોંગ્રેસ પ્રમુખો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બગવાડા હાઈવે પર કારના ચોરખાનામાંથી વિદેશી દારૂ ઝડપાયો

પારડી : વલસાડ એલસીબીએ બગવાડા હાઈવે નંબર-૪૮ પર કાર અટકાવી હતી. પોલીસે તલાશી લેતાં કારની ડિકીમાં સ્ટેપની ટાયર નીચે ચોરખાનું બનાવીને વિદેશી દારૂની હેરાફેરી થતી હતી. પોલીસે કારમાંથી રૂપિયા ૪૩,૭૨૮ ની કિંમતની દારૂની બોટલો અને બિયરના ટીન (કુલ ૧૯૨ નંગ)જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

દિવાળી પૂર્વે કર્મીઓને પગાર-બોનસ ચૂકવો

કરાર આધારિત ડાંગના કર્મચારીઓને સમયસર પગાર ન મળવાથી આર્થિક સંકડામણ અને મુશ્કેલીનો સામનો

સાપુતારા : સાપુતારા ખાતે આગામી પવિત્ર દિવાળી પર્વને ધ્યાનમાં રાખીને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને જિલ્લા પંચાયતના સદસ્ય સ્નેહલ ઠાકરેએ જિલ્લાના તમામ સરકારી, અર્ધસરકારી, કરાર આધારિત તથા રોજમદાર કર્મચારીઓને દિવાળી પહેલા એડવાન્સ પગાર અને ઉત્સવ બોનસ ચૂકવવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

ડાંગ જેવા આદિવાસી અને પછાત જિલ્લામાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓને સમયસર પગાર ન મળવાને કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને કરાર આધારિત અને રોજમદાર કર્મચારીઓને મહિનાઓ સુધી પગારની રાહ જોવી પડતી હોવાથી બાળકોની શાળાની ફી, વીજળી બિલ અને બેંકના હપ્તા ભરવા જેવી પાયાની જવાબદારીઓ નિભાવવામાં ભારે મુશ્કેલી પડે છે. આર્થિક સંકડામણને કારણે કર્મચારીઓ માનસિક તણાવ અનુભવે છે.

દિવાળીના પર્વ પર કોઈ પણ કર્મચારીનો પરિવાર ઉજવણીથી વંચિત ન રહે, તે માટે તમામ પાત્રતા ધરાવતા કર્મચારીઓના બેંક ખાતામાં એડવાન્સ પગાર અને બોનસ જમા કરવા માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત, તાલુકા પંચાયતના સદસ્ય રાકેશ પવારે ભવિષ્યમાં દર મહિને નિશ્ચિત તારીખે પગાર ચૂકવવાની કાયમી વ્યવસ્થા ગોઠવવા પર પણ ભાર મૂક્યો છે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

જાહેર નોટીસ